મહત્તમ : ૩૨.૫ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૬ ટકા ● સાંજે ૮૨ ટકા

ગાંધીનગર તાપમાન

# વરસાદી વાતાવરણમાં સાપ-વિંછી બહાર આવ્યા

## ભાટ ગામે છાપરામાં રહેતા યુવાનને રાત્રે ઝેરી સાપ કરડી જતા મોતને ભેટ્યો

ગાંધીનગર, તા.૨૩

વરસાદી વાતાવરણમાં જમીનમાં દર બનાવીને રહેતા સરિસૃપો તથા અન્ય વિંછી સહિતનાં જંતુ-જનાવરો બહાર દેખાવા લાગે છે. આ સ્થિતિમાં ગ્રામ્ય વિસ્તારોમાં રાત્રે ખુલ્લામાં તથા ખેતરોમાં સુતા પરિવારોને જીવનું જોખમ રહેતુ હોય છે. ગઈ કાલે રાત્રીનાં અરસામાં ભાટ ગામે છપરામાં રહેતા એક યુવાનને ઝેરી સાપ કરડી ગયો હતો અને તે મોતને ભેટ્યો હતો. આ મામલે અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પી.એમ કરાવી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર-ઈન્દિરાબ્રિજ રોડ પર આવેલા ભાટ ગામની સીમમાં સ્થિત મધર ડેરી અંદર છાપરામાં રહેતા ૨૮ વર્ષિય શ્રમિક યુવાન મટરરામ બૌધ્ધરામ મેચી ગઈ કાલે પોતાના છાપરામાં સુતો હતો. તે દરમ્યાન વરસાદી વાતાવરણમાં બહાર નિકળી આવેલા ઝેરી જનાવરો પૈકી એક ઝેરી સાપ તેના છાપરામાં ઘુસી ગયો હતો અને મટરરામને ડાબા હાથની આંગળીએ ડંસ મારી દીધો હતો. ઝેરી સર્પનાં ડંસથી શ્રમિકનું પ્રાણપંખેરું ઉડી ગયુ હતુ. અડાલજ પોલીસે આ ઘટના અંગે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

# યોજનાઓનો મહત્તમ લાભ લેવા લોન સમયસર ચુકવો

## દેનાબેંકના ચેરમેન અશ્વનીકુમારે ૫૧૮ લાભાર્થીઓને રૂ. ૪.૬૨ કરોડની લોનના સ્વીકૃતિ પત્રો એનાયત કર્યા





ગાંધીનગર, તા.૨૩

'બેંકની લૉન તમે સમયસર ચુકવશો તો ફરી લોન લેવા માટે તમને એ કામ લાગશે અને જેથી તમે યોજનાઓનો મહત્તમ લાભ પ્રાપ્ત કરી શકશો.' દેના બેંકના ચેરમેન તથા સીએમડી અશ્વનીકુમારે આજે ગાંધીનગરના સે-૧૨માં ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે આયોજિત સમારોહમાં જણાવ્યું હતું. આ સાથે તેમણે ગ્રાહકોને પ્રધાનમંત્રી જનધન યોજનાથી શરુ કરીને સામાજિક સુરક્ષા યોજના અને મુદ્રા યોજના અંગે પણ જાણકારી આપી હતી.

ચેરમેન અશ્વનીકુમારે સમાજના વિવિધ વર્ગોના ઉત્થાન માટે દેના બેંક દ્વારા થઈ રહેલ કામગીરીની જાણકારી આપતા સ્ટેન્ડઅપ ઈન્ડિયા, ડિજિટલ ઈન્ડિયા સહિત એજયુકેશન લોન અંગે પણ નાગરિકોએ જાગૃતિ કેળવી તેનો મહત્તમ લાભ લેવા આહવાન કર્યુ હતું. આ સાથે તેમણે બેંક લોનની સમયસર ચુકવણી કરવા અંગે પણ ગ્રાહકોને પ્રેરિત કર્યા હતા. ચેરમેન અશ્વનીકુમારના હસ્તે ગાંધીનગર, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની ૮૯ શાખાઓના ૫૬૧૮ લાભાર્થીઓને વિવિધ હેતુ અંતર્ગત રૂપિયા ૪.૬૨ કરોડની લોન મંજૂર કરવામાં આવી હતી ગ્રાહકોને તેના સ્વીકૃતિ પત્રો એનાયત કર્યા હતા. આ લોન પ્રધાનમંત્રી મુદ્રા યોજના અંતર્ગત શિશુ, કિશોર તથા તરૂણ અવસ્થા હેઠળ વિવિધ કાર્યો માટે મંજુર કરાઈ છે. ઉપરોકત કાર્યક્રમમાં દેના બેંકના ઝોનલ મેનેજર ચિત્રા કીર્તિવાસન અને ડેપ્યુટી ઝોનલ મેનેજર પ્રેમસિંઘ નેગી ઉપસ્થિત રહ્યા હતા.

# રાજપુત મહિલા સેવા ટ્રસ્ટ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાના વર્ગો

ગાંધીનગર, તા.૨૩

સમસ્ત રાજપુત મહિલા સેવા ટ્રસ્ટ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાના વર્ગોનું ઉદઘાટન ડૉ. શંકરસિંહ રાણાના હસ્તે પેથાપુર ગામ ખાતે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ડૉ. રાણાએ રાજપૂત સમાજની મહિલાઓ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સારો દેખાવ કરી સરકારી નોકરીમાં ઉત્તીર્ણ થાય તે માટે મહિલા સેવા સમાજ દ્વારા આવા વર્ગો ખોલવા બદલ તેમને અભિનંદન પાઠવ્યા હતા અને આવનાર દિવસોમાં મહિલાઓને સરકારી નોકરીઓમાં ૩૩ ટકા લાભ મળે છે તેનો પુરેપુરો લાભ લેવા અપીલ કરી હતી.

આ પ્રસંગે પ્રમુખ સરોજબા રહેવર, મંત્રી વિમળાબેન વાઘેલા, ઉપપ્રમુખ બિનાબા શંકરસિંહ રાણા, ખજાનચી મોનીકાબા ડાભી, સ્વાતીબા રાઓલ, ડેપ્યુટી કલેકટર ચાવડા, કલ્યાણસિંહ ચંપાવત, પ્રદિપસિંહ વાઘેલા વિનોસિંહ રાઠોડ તેમજ જિલ્લાથી મહિલાઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પ્રાસંગેક પ્રવચનો કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન સોનલબા કનકસિંહ રાણાએ કર્યું હતું.

## જિલ્લામાં એક દિવસમાં ૯૦ હજારથી વધુ લોકોએ આયુર્વેદ ઉકાળો પીધો

ગાંધીનગર જિલ્લા પંચાયતની આયુર્વેદ શાખા દ્વારા આજ રોજ જિલ્લામાં ૫૬ કેન્દ્રો પરથી આયુર્વેદ ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જિલ્લાના વિવિધ ઉકાળા કેન્દ્રો પરથી કુલ- ૯૦,૮૨૧ વ્યક્તિઓને રોગ પ્રતિકારક શક્તિ વધારે તેવો આયુર્વેદ ઉકાળો પીવડાવવામાં આવ્યો હતો.

છેલ્લા થોડાક દિવસથી ગાંધીનગર જિલ્લામાં રોગપ્રતિકારક શક્તિ વધારે તેવા ઉકાળાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. આજે ગાંધીનગર જિલ્લાના ૫૬ કેન્દ્રો પરથી આયુર્વેદ ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં કલોલ તાલુકામાં ૮ સ્થળો, ગાંધીનગર તાલુકા-શહેરમાં ૩૧ સ્થળો, દહેગામ તાલુકામાં ૧ સ્થળ અને માણસા તાલુકામાં ૧૬ સ્થળો પરથી આયુર્વેદ ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું છે. આ વિવિધ ઉકાળા કેન્દ્રો પરથી કલોલ તાલુકામાં ૧૧,૧૦૯ વ્યક્તિઓ, ગાંધીનગર શહેર અને તાલુકામાં ૫૨,૯૩૩, દહેગામ તાલુકામાં ૫૭૩ તથા માણસા તાલુકામાં ૨૬,૨૦૬ વ્યક્તિઓએ આયુર્વેદ ઉકાળો પીધો હતો.

## @ગાંધીનગર

● સે-૨૨ જૈન દેરાસર દ્વારા પર્યુષણ પર્વ નિમિત્તે સવારે ૮.૩૦ કલાકે શ્રી કલ્પસૂત્ર વાંચન અને બપોરે ૨.૩૦ કલાકે શ્રી સ્થવિરાવલી વાંચન કરાશે.

## વાતવાતમાં

● શહેરના માર્ગો પર રખડતી ગાયોની સમસ્યા મનપાનો ઢોરવાડો બંધ થયા પછી ફરી વધી જવા પામી છે. હવે આ ગાયો સાથે ગધેડા પણ વાહનચાલકોને હડફેટે લેવા સ્પર્ધામાં ઉતર્યા હોય તેમ અનેક મુખ્યમાર્ગો પર રખડતાં જોવા મળી રહ્યા છે.

● શહેરમાં ગણેશોત્સવની ઉજવણીનું કાઉન્ટડાઉન શરુ થઈ જવા પામ્યું છે. જેના પગલે બજારમાં શ્રીજીની મૂર્તિઓનું રૂ. ૧૦૦થી માંડીને રૂ. ૧૫ હજાર સુધીના ભાવે વેચાણ થઈ રહ્યું છે. આ સાથે ગણેશજી માટે સજાવટના સામાન વેચતા વિતરકોને ત્યાં પણ શ્રધ્ધાળુઓની ભીડ જોવા મળી રહી છે.

# દૈનિક અખબાર સંઘ ટ્રસ્ટની અખબાર ભવનની સામાન્ય સભા

ગાંધીનગર, તા.૨૩

ગુજરાત દૈનિક અખબાર સંઘ ટ્રસ્ટ અખબાર ભવનની સામાન્ય સભા પ્રમુખ પી.કે. લહેરીના અધ્યક્ષસ્થાને મળી હતી. મેનેજીંગ ટ્રસ્ટી નિકુંજભાઈ પટેલ સહીત સભ્યો હાજર રહ્યા હતાં.

આ બેઠકમાં પ્રભાતના મેનેજીંગ ટ્રસ્ટી રસેશભાઈ કોઠારી, લોકસંસારના તંત્રી ભુવનેશભાઈ ઓઝાએ પત્રકાર જનીત કોઠારીના દુઃખદ અવસાન અંગે શ્રધ્ધાંજલી આપી મોન પાળવામાં આવ્યું હતું.

પ્રમુખ પદેથી પી.કે. લહેરીએ બેઠકના ઠરાવો અખબારભવનને અદ્યતન બનાવવા, હિસાબો, કારોબારની પુનઃરચના છેલ્લા પાંચ વર્ષમાં ટ્રસ્ટ દ્વારા થયેલા કામગીરીના અહેવાલો વિગેરે રજૂ કરતાં સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા હતા.

આ બેઠકમાં ગીતાબેન પટેલ, મુકેશભાઈ પટેલ, જતીન શુકલ, વંદે ગુજરાતના મેનેજીંગ તંત્રી વિનોદ રાઠોડ, મોતીલાલ, ચંચળના તંત્રી જયેન્દ્રભાઈ ઉપાધ્યાય, એસ.કે. મહેશ્વરી, મનિષભાઈ દવે, ચેતનભાઈ, સમીર રામી વિગેરે બેઠકમાં હાજર રહ્યા હતા. ઓફિસર અનુપમભાઈ શાહ, પિયુષભાઈ વિગેરે હાજર રહ્યા હતાં.






ગાંધીનગરના સે-૬ ખાતે ગુજરાત ઈનસર્વિસ ડૉકટર્સ એસોસિએશન દ્વારા તેમના પડતર પ્રશ્નો અને માંગણીઓના મુદ્દે ન્યાયી ઉકેલની માંગણી સાથે ધરણા પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. ડૉકટર્સ દ્વારા એન્ટ્રી પે, ડાયરેકટર કેડર પે, ટીકુ કમિશન આધારિત બઢતી, સ્વૈચ્છિક નિવૃત્તિ, ઈનસર્વિસ પીજી કોર્સ, નિવૃત્તિને ધ્યાનમાં રાખીને ખાલી જગ્યાએ ભરવા તથા બઢતી માટે ડીપીસી વગેરેની કાર્યવાહી નિયમબધ્ધ અને સમયબધ્ધ કરવા બાબતે ધરણાં પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

# અંબાપુર કેનાલમાં કુદી ગયેલી યુવતિ ઝુંડાલની હતી

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર નજીક અડાલજ પાસે આવેલા અંબાપુર ગામેથી પસાર થતી નર્મદા કેનાલમાં ગઈ કાલે સવારનાં સુમારે અજાણી યુવતિએ પડતુ મુક્યુ હતુ. આ યુવતિ ઝુંડાલની હોવાનુ અને મેડીકલ કારણોસર કંટાળી જઈ આ પગલુ ભર્યુ હોવાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યુ છે.

અંબાપુર નર્મદા કેનાલમાં છલાંગ લગાવી આપઘાત કરી દેનાર યુવતિ અંગે અડાલજ પોલીસે તપાસ કરી તો આ યુવતિ ઝુંડાલ ગામની શ્રધ્ધા પ્રજાપતિ હોવાનું ખુલ્યુ છે. તેણીના પરિવારજનોને આ ઘટનાની જાણ થતા પગ તળેથી જાણે જમીન સરકી ગઈ હતી. સવારથી ગુમ થઈ ગયેલી ૧૯ વર્ષિય આ અપરિણીત યુવતિને ગર્ભાશયની ગાંઠ થતી હતી. ઓપરેશન કરાવ્યા બાદ પણ આ ગાંઠ ફરી થઈ જતી હતી. ડોક્ટરે એક વાર એવા સંકેત આપી દીધા કે આ યુવતિ માતા નહિ બની શકે..!! જેનાથી તે પડી ભાંગી હતી. મળતી વિગત મુજબ ૨-૩ મહિનામાં તેણીના લગ્ન લેવાનાં હતા. આ બાબત અડાલજ પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યુ છે. પોલીસે ઝીણવટભરી તપાસ હાથ ધરી છે.

# મધુર પાર્લર પર આયુર્વેદિક ઉકાળાનું વિતરણ

ગાંધીનગર, તા.૨૩

દિવસે દિવસે સ્વાઈન ફલુનો રોગ વધી રહ્યો છે તેની સામે નાગરિકોને આયુર્વેદિક ઉકાળા પીવડાવવાનું ચાલુ કરાયું છે. જેનો શુભારંભ ચેરમેન ડૉ. શંકરસિંહ રાણાએ ઉદઘાટન કરીને કર્યો હતો. આ પ્રસંગે મેનેજીંગ ડિરેકટર રોહિત મહેતા સહિત કર્મચારીઓ-અધિકારીઓએ હાજર રહી ઉકાળાનું વિતરણ કર્યું હતું જે એક સપ્તાહ સુધી ચાલશે.

ડૉ. રાણાએ આ પ્રસંગે શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં સ્વાઈન ફલ્યુ સામે રાખવાની સાવચેતી અને તેના ઉપાયના સૂચનો કર્યા હતા. મેનેજીંગ ડિરેકટર રોહિત મહેતાએ આભારવિધિ કરી હતી.

# સિંધુધામ ખાતે ગણેશોત્સવનું આયોજન

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના સેકેટર-૩૦ સ્થિત સિંધુધામ મંદિર ખાતે તા. ૨૫મી ઓગસ્ટ શુક્રવારે ગણેશ ચતુર્થીના દિવસે સવારે ૯ કલાકે ભગવાન શ્રી ગણેશજીની મૂર્તિની સ્થાપના કરવામાં આવશે આ સાથે અહીં સાત દિવસ ગણેશોત્સવ ઉજવવામાં આવશે. જેમાં દરરોજ સવારે અને સાંજે ૬ કલાકે આરતી કરાશે. તા. ૨૫મીથી ૩૧મી ઓગસ્ટ સુધી ચાલનારા આ ગણેશોત્સવમાં આરતી તથા દર્શનનો લાભ લેવા સિંધી પંચાયત દ્વારા જાહેર જનતાને અનુરોધ કરાયો છે. તા. ૩૧મી ઓગસ્ટ, ગુરુવારે સાંજે સંપૂર્ણ વિધિ વિધાન સાથે શ્રીજીની મૂર્તિનું વિસર્જન યોજાશે.

## આઈ લવ માય ગાંધીનગર



**હાર્દિક શાહ**

**ગાંધીનગર ગમે**

ગાંધીનગરમાં ઉછર્યો ને ઉગ્યો છું. દેશભરમાં ક્યાંય ન જોવા મળે એવી સુંદર અને રમણીય આ નગરી હોવાથી ખૂબ ગમે છે.

**નગરજનો**

શિક્ષિત, સંસ્કારી, નોકરીયાત, એકમેક સાથે સરળતાથી ભળી જનારા અને સેવાભાવી, કલારસિક, કલાકાર નાગરિકો આ શહેરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

અગણિત સંસ્થાઓ, વ્યક્તિઓ અગણિત પ્રવૃત્તિથી શહેરની સુવાસને દુનિયામાં પ્રસરાવી રહ્યાં છે. સૌને સાદર પ્રણામ છે.

**નગરને બહેતર બનાવવા**

વિદ્યાર્થીઓમાં ઘણી શક્તિ અને દૃષ્ટિ પણ છે. એનો ઉપયોગ કરવામાં આવે તો નગરને અવશ્ય બહેતર બનાવી શકાય તેમ છે.

**નગર માટે હું કરી શકું**

યુવા વિકાસ, વ્યક્તિત્વ વિકાસ અને કલાના ઉપક્રમો માટે મારી સેવા નગરને આપવા હું તૈયાર છું.

# આગામી ડાક અદાલત માટે જરૂરી સૂચનો

ગાંધીનગર, તા.૨૩

આગામી દિવસોમાં ડાક અદાલત યોજાવાની છે જે માટે નીચે મુજબના સૂચનો કરવામાં આવ્યા છે.

ડાક અદાલતના સમયમાં ફેરફાર કરવા સીનીયર સીટીઝનોએ માંગ કરેલ હતી પરંતુ પોસ્ટના ઉચ્ચ અધિકારીઓએ સવારે સાડા અગિયાર વાગે યોજેલ છે. પરિણામે રજુઆત કર્તાઓ ઓછા આવે છે આથી સમય બપોરનો રાખવો જરુરી છે.

અન્ય સેકટરોની પોસ્ટ ઓફીસોના સત્તાધીશોને લેવડદેવડની નાણાંકીય સત્તા રૂ. ૨૫,૦૦૦થી વધારીને રૂ. ૫૦,૦૦૦ સુધીની થાય તો વડી કચેરીએ લાંબી હરોળ જોવા નહીં મળે અને કામના ભારણમાં પણ થોડીક રાહત રહેવા પામશે.

પોસ્ટ ઓફીસના કર્મચારીઓની પાટનગરમાં જ આવેલ પોસ્ટ કચેરીમાં અંદરોઅંદર બદલી કરવી જોઈએ જેથી કોઈ કર્મચારીની કામગીરી અંગે ઈજારાશાહી રહેવા પામે નહીં. આ ઉપરાંત ટપાલ પણ સમયસર મળે તે માટે આયોજન કરવું અત્યંત જરૂરી બન્યું છે.

પાસબુક ભરાઈ જતા નવી લેવા માટે સંબંધીતે અરજી લખીને આપવી પડે છે તો અરજી લીધા વગર જ નવી પાસબુક આપવી જોઈએ અને રોકડ રકમનું બેલેન્સ વધુ રાખવા બાબતે વ્યવસ્થા કરવામાં આવે તેવા સૂચનો કરવામાં આવ્યા છે.



સગર્ભા તથા જન્મથી ૩ વર્ષના બાળકોની માતાઓને મેલેરિયા અંગે જાગૃત કરવા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે કાર્યક્રમ યોજાયો હતો. જયાં જિલ્લા મેલેરિયા અધિકારી મમતાબેન દત્તાણીએ તલસ્પર્શી માહિતી પુરી પાડી હતી. તેમણે મચ્છરની ઉત્પત્તિ, સ્વચ્છતાનું મહત્વ, મચ્છરની કરડવાની પધ્ધતિ, ચિકનગુનિયા, ડેન્ગ્યુના મચ્છર અંગેની માહિતી તથા આ પ્રકારના મચ્છરજન્ય રોગ ના થાય તે માટે લેવાની કાળજી અંગે ઉંડાણપૂર્વક સમજણ આપી હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત યુનિવર્સિટીના તપોવન સંશોધન કેન્દ્ર તથા શિશુ પરામર્શન કેન્દ્રની સગર્ભા મહિલાઓ તથા માતાઓએ પુછેલા પ્રશ્નોના સંતોષકારક જવાબો આપ્યા હતા.

# પૂ. તાવરિયાજી નિર્દિષ્ટ લયબધ્ધ શ્વસન કાર્યક્રમનું સ્થળ પરિવર્તન

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરમાં પૂ. તાવરિયાજી નિર્દિષ્ટ શ્વસન દ્વારા સંપૂર્ણ શારીરિક, માનસિક અને અધ્યાત્મિક સ્વાસ્થ્ય અંગેના કાર્યક્રમનું સ્થળ પરિવર્તન કરવામાં આવ્યું છે. હવે આ કાર્યક્રમ તા. ૨૫મીથી ૨૭ ઓગસ્ટ દરમિયાન દરરોજ સવારે ૮ થી ૯ વાગ્યા સુધી જુના સચિવાલયના બ્લોક નં. ૮ની પાછળ ભોંયતળિયે યોગ હોલ ખાતે યોજાશે. આ નિઃશુલ્ક કાર્યક્રમ દર માસના છેલ્લા શુક્ર-શનિ-રવિ દરમિયાન નિયમિતપણે યોજાતો હોવાથી શહેરના સ્વાસ્થ્યપ્રેમી નગરજનોને તેનો લાભ લેવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ચીની ચીજવસ્તુઓનો બહિષ્કાર બજારમાં ડોકાયો

## સોશિયલ મીડીયામાં થઈ રહેલી અપીલો આખરે રંગ લાવી : સ્વયં જાગૃતિથી ચીની માલનો થઈ રહેલો અસ્વીકાર : વેપારી વર્ગે પણ ઝુંબેશમાં સામેલ થઈ માલ વેચવાનું બંધ કર્યું

ગાંધીનગર, તા.૨૩

પડોશી દેશ એવા ચીનની ભારત વિરોધી પ્રવૃત્તિઓથી દેશના પ્રત્યેક નાગરીકમાં ભારોભાર રોષ ઉભો થયો છે. જેમાં વળી ભારતમાં વેપાર કરી આર્થિક રીતે મજબૂત બનવાના પ્રયાસો તો ચાલુ જ રાખ્યા છે ત્યારે સોશિયલ મીડીયા થકી દેશના નાગરીકોને ચીની ચીજવસ્તુઓનો બહિષ્કાર કરવા ઘણા સમયથી ઝુંબેશ હાથ ધરાઈ હતી. જેના થકી ચીનની આર્થિક સ્થિતિને કમજોર કરી ભારતની જરૂરિયાતને મહત્વ આપવાનો મુખ્ય ઉદ્દેશ સમાયેલો હતો. જેની હવે અસરો બજારમાં દેખાવા લાગી છે અને દેશના નાગરિકો હવે ચીની માલનો બહિષ્કાર કરવા લાગ્યા છે જેમાં વેપારીઓએ પણ ચીની માલનું વેચાણ બંધ કરી દેશદાઝને વેગ આપ્યો છે.

દેશના લોકોની રાષ્ટ્રભાવનાને સોશિયલ મીડીયા થકી જબરદસ્ત વાચા મળતા હાલ ચીની ચીજવસ્તુઓનો મોટા પાયે બહિષ્કાર થઈ રહ્યો છે. જેના પડઘા બજારમાં સંભળાઈ રહ્યા છે. સ્વયં જાગૃતિની આ ઝુંબેશમાં દેશના પ્રત્યેક




નાગરીકનો ફાળો મળી રહે તે માટે સોશિયલ મીડીયામાં સતત ચીની ચીજવસ્તુઓ ન ખરીદવા જણાવાઈ રહ્યું હતું. દેશમાં વેચાતી ઈલેકટ્રોનીક, ઈલેકટ્રીક અને ઘર વપરાશની વસ્તુમાં ચીનીબજારનો મોટો પગ પેસારો છે જેને દૂર થતાં વાર તો લાગવાની જ છે પરંતુ તેનો પ્રારંભ થયો છે તે દેશ હિત માટે જરૂરી હતું. ધીરે ધીરે સિઝનેબલ ચીજવસ્તુઓ પણ સ્વદેશી જ ઉપયોગમાં લેવાય તેવું બનવા જઈ રહ્યું હોય તેવું હાલના સંજોગોમાં લાગી રહ્યું છે.

પડોશી દેશ તરીકે ડોકલામ વાદ કે પછી પાકિસ્તાનની આતંકવાદી પ્રવૃત્તિને પ્રોત્સાહન જેવા મુદ્દે દેશભરમાં ચીનના વલણનો ભારે વિરોધ થઈ રહ્યો છે અને લોકોમાં આક્રોશ પણ જોવા મળી રહ્યો છે. ભારત અને ચીન વચ્ચે વેપારસંધિ મુજબની થયેલી સમજુતીમાં સૌથી વધુ ફાયદો ચીન જ મેળવી રહ્યુ છે. વર્ષે દહાડે પચાસ અબજ ડોલર પોતાના દેશમાં લઈ જતું ચીન આર્થિક મહાસત્તા બનવા તરફ પ્રયાસ કરી રહ્યું છે ત્યારે ભારતના લોકોએ પણ ચીનની આર્થિક કમર તોડી નાંખવા ચીની માલનો બહિષ્કાર કરવા સોશિયલ મીડીયા થકી ઝુંબેશ હાથ ધરી છે જે કારણે ભારતના બજારોમાં ચીનના માલનો બહિષ્કાર થઈ રહ્યો છે. જેમાં કેટલાક વેપારીઓએ કરોડોના ઓર્ડર રદ પણ કરાવી નાખીને દેશ પ્રત્યેની વફાદારી દર્શાવી છે. ચીની બનાવટની ચીજવસ્તુઓ પ્રત્યે બજારમાં ઉભો થયેલો અણગમો એક ધરખમ ફેરફારને આમંત્રિત કરી રહ્યો છે જે કદાચ આગામી સમયમાં લોકઉપયોગી કદમ મનાશે.

## ચિરવિદાય

- સ્વ. મકવાણા બળદેવજી તખુજી, ઉ.વ. ૫૯
- સ્વ. પરમાર અમથાભાઈ ભીખાભાઈ, ઉ.વ. ૮૦
- સ્વ. સુરેશભાઈ પુરૂષોત્તમદાસ પ્રજાપતિ, ઉ.વ. ૪૭
- સ્વ. હિરાબા પબજી ચાવડા, ઉ.વ. ૮૨